# જય જિનેન્દ્ર

**વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ**

વર્ષ ૧ : અંક ૯ ● સં. ૨૦૫૯, કાર્તક વદ ૧૨, રવિવાર, તા. ૧ ડિસેમ્બર, ૨૦૦૨


# ભૂજ નગરપાલિકાના સત્તાધારીઓ, રુક જાવ...

## ભૂજનાં ધર્મસ્થળોને હાથ લગાડતાં પહેલાં...

ટાઉન પ્લાનિંગના રૂપાળા નામે ભૂજનાં ધર્મસ્થળોને ઝપટમાં લેવામાં આવી રહ્યાં છે.

જૈનોને પોતાનાં પ્રાચીન ધર્મસ્થળોનો પુનરુદ્ધાર કરવો હોય છે ત્યારે હંમેશાં હેરિટેજવાળાઓ વચ્ચે ટપકી પડતા હોય છે અને ભારતના પ્રાચીન વારસાની દુહાઈ આપીને તેનો પુનરુદ્ધાર કરવાનું, જૈનોના સુવાંગ અધિકાર નીચે આવતું કાર્ય, ગતાગમ વગરના અભણ અને પછાત નેતાઓએ બનાવી કાઢેલા અને કહેવાતા પુરાતત્ત્વસંરક્ષણ કાયદાના નામે અટકાવવાની ગુસ્તાખી કરતા હોય છે. ભૂજના મુદ્દે હવે અવળી ગંગા વહી રહી છે. અહીં કુદરત સર્જિત ભૂકંપ પછી હવે નગરપાલિકાએ સર્જેલો ભૂકંપ પ્રાચીન વારસાની તબાહી મચાવી રહ્યો છે. અહીં જૈનોનાં પ્રાચીન ધર્મસ્થળો આધુનિક નૉન-મુસ્લિમ બાબરો તોડી રહ્યા છે ત્યારે હેરિટેજવાળાઓ કઈ ગુફામાં છુપાઈ ગયા છે? કચ્છના હજારો વર્ષોના ઇતિહાસમાં સેંકડો ભૂકંપોની થપાટો ખાઈ ખાઈને ઘડાઈ ગયેલી ખમીરવંતી કચ્છી પ્રજાના કાળજાને લાગેલા ભૂકંપના ઘા તો કાલે રુઝાઈ જશે અને લોહીના અણુએ અણુમાં વ્યાપેલા ભ્રષ્ટાચારની બિમારીના જીવાણુઓથી મજબૂર એવા ખાઈબદેલા અધિકારીઓ અને નેતાઓ દ્વારા ખવાઈ ગયેલી આંતરરાષ્ટ્રીય સહાયતાના પાપોને પણ કચ્છની ખમીરવંતી પ્રજા માફ કરી દેશે, (એ અધિકારીઓને બિચારાને છોકરાંછૈયાં હોય કે નહીં? અધિકારીઓને બચારાંવને મળતો ૨૦ હજારનો પગાર તે કંઈ પગાર છે? આટલો અમથો પગાર તે કંઈ આવી કપરી મોંઘવારીમાં પૂરતો થઈ રહેતો હશે? ખવૈયાઓને દિલથી માફ કર્યા, જાવ) પરંતુ નગરના સંરક્ષકોની ધર્મસ્થળ ઉપર બગડેલી નજરને ભૂજના અહિંસક જૈનો માફ કરે એ વાતમાં માલ નથી. કહે છે કે ભૂજના રસ્તાઓને મોટા કરાઈ રહ્યા છે એમાં આ ધર્મસ્થળો આડાં આવી રહ્યાં છે. યાદ રહે, ભારતમાં ન્યાયતંત્રના ઉચ્ચ અધિકારીઓ અને પહેલી ચૂંટણી લડતી વખતે ગરીબ અને બીજી ચૂંટણી લડતી વખતે રાજવી વૈભવમાં આળોટતા રાજનેતાઓના આવાસો ક્યારેય રસ્તાના નવીનીકરણમાં આડા આવતા નથી.

અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલી અને **ગેરકાયદે બંધાયેલી** એક મસ્જિદ સત્તાવાળાઓએ તોડી ત્યારે અમદાવાદ-ગાંધીનગરના કૉંગ્રેસીઓએ કાગારોળ મચાવી હતી. જૈનધર્મનાં કાયદેસરનાં પ્રાચીન સ્થાનકો તૂટી રહ્યાં છે ત્યારે કૉંગ્રસ સહિતના આગેવાનો ચૂપ કેમ છે? કદાચ ભારતમાં મુસ્લિમો સિવાયના લોકો પણ રહે છે તેનો એમને ખ્યાલ નહીં હોય! તેઓ બિનસાંપ્રદાયિક ખરા ને!

અમદાવાદનો જ દાખલો લઈએ તો અમદાવાદના કેટલાયે રસ્તાઓની વચ્ચોવચ્ચ આજની તારીખમાં અસંખ્ય દરગાહો રાહદારીઓને રીતસર નડે છે. ઠેરઠેર ગેરકાયદે ઊભી કરી દેવાયેલી (અને ભવિષ્યમાં દાદાગીરીના જોરે વિશાળ મંદિરોમાં ફેરવાઈ જનારી) કેટલીયે દેરીઓ રીતસર રાહદારીઓને નડે છે. જૈનોએ પોતાના હજારો વરસના ઇતિહાસમાં ક્યારેય ગેરકાયદે દેવળો બાંધ્યાં નથી. 'દેરાસર બાંધવા માટે જેટલી જમીન જોઈતી એટલી સોનામહોરો જમીન ઉપર પાથરો અને પછી જમીન ખરીદો' એવી શરત કરનારા નૉન-ઇસ્લામિક લોકો પાસેથી તે કાળમાં પ્રચલિત ગોળના બદલે ચોરસ સોનામહોરો બનાવીને તે જમીન ઉપર પાથરી દઈને જમીનો ખરીદીને અમારા ખમીરવંતા પૂર્વજોએ ભારતમાં દેરાસરો બનાવ્યાં છે. ચાર ગોળ સોનામહોરો વચ્ચે ખાલી રહી જતી જગ્યા પણ અમે મફતમાં લીધી નથી અને એ માટે ચોરસ સોનામહોરો ઘડતાં અમારા પ્રતાપી પૂર્વજો જરાય અચકાયા નથી. ભૂજની નગરપાલિકાના હોદ્દેદારોને કહેવાનું કે તમારું આજનું અસ્તિત્વ અમારા કચ્છી માડુ શેઠ જગડૂશાહને આભારી છે, બાકી એ યુગના તમારા પૂર્વજો વિકરાળ દુકાળના ખપ્પરમાં ક્યારનાય પરવારી ગયા હોત.

આપણે ધર્મસ્થળોની વાત કરતા હતા. ભારતભરમાં અમારું એક્કેય ધર્મસ્થળ ગેરકાયદે બનેલું નથી. ભૂજની નગરપાલિકાના સત્તાધારીઓને (અને એ રીતે સમગ્ર ભારતના શાસકોને) કહેવાનું કે ભારતની બહારથી આવેલા ધર્મના લોકો દ્વારા ચલાવાતાં અને તમારી દ્વારા પ્રોત્સાહિત કરાયેલાં કતલખાનાં સૌથી પહેલાં પાડી નાખો. હજારો અબોલ પશુઓના પોકારો પહેલાં બંધ કરાવો. નગરનું સાચું સૌંદર્ય નગરના લોકોના હૈયામાં અને સંસ્કારમાં વસતું હોય છે. નગરના સાંકડા રસ્તાઓ અમે ખમી લઈશું. તમારાં સાંકડાં મન ખમી ખાવાને અમે ટેવાયેલા નથી.

નબળો માટી બૈરી ઉપર શૂરો. ભારતના નેતાઓ ભારતની સંસદ ઉપર થતા એટેકને અટકાવી શકતા નથી, જમ્મુના રઘુનાથ ટેમ્પલ ઉપર એકથી વધુ વખત થતાં આક્રમણોને રોકી શકતા નથી, ગાંધીનગરની આગવી ઓળખ જેવા અક્ષરધામને બાબરો, ચંગીઝખાનો, અને ઔરંગઝેબોના નાપાક વારસદારોના સપાટામાંથી બચાવી શકતા નથી અને ભારતમાં શાંતિથી વસતી '૦.૦૪' ટકા પ્રજાને સત્તાના જોરે રંજાડે છે!

સર્વશ્રી બાબુભાઈ મેઘજી શાહ અને સર્વશ્રી ધીરૂભાઈ શાહને ખાસ ભાવભીની અપીલ કરવાની કે તમે તમારી વગનો ઉપયોગ કરો અને તમે જે સમાજને આભારી છો તે સમાજની કાયદેસરની લાગણી અને માગણી દિલ્હી સુધી પહોંચાડો. જો તેમ ન કરી શકતા હો તો મહેરબાની કરીને ચૂંટણીના ચક્કરમાંથી ખસી જાઓ.

અમે કંઈ તમારી પાસેથી ખૂંખાર ત્રાસવાદીઓને જેલમાંથી છોડી મૂકવાની માગણી કરતા નથી, અમે કંઈ મુફ્તી મોહમ્મદ સૈયદ નથી. અમે કંઈ અમને કંદહારમાં સલામત મૂકી જાઓ એવી માગણી કરતા નથી, અમે કંઈ મૌલાના અઝહર મસૂદ નથી. અમે તમારી પાસે ૨૦ કરોડ રૂપિયાની માગણી કરતા નથી, અમે કંઈ વીરપ્પન નથી. અમે અમારી માટે કંઈ બંધારણ બદલી નાખીને નવા કાયદા ઘડવાની માગણી કરતા નથી, અમને ને શાહબાનો કેસને શું લાગે વળગે? અમે પાકિસ્તાન જવા માટે સેફ પેસેજની માગણી કરતા નથી, અમે કંઈ કારગીલના આક્રમણખોરો નથી.

અમે આ જ ભારતના કાયદાપ્રેમી નાગરિકો છીએ. અમારો ધર્મ એ આ જ ભૂમિ ઉપર ઉદ્ભવેલો ધર્મ છે. અમે અમારા ધર્મને બહારથી આયાત કર્યો નથી. અમે બિનસાંપ્રદાયિક છીએ કે નહીં તેની અમને ખબર નથી.

કચ્છી માડુની બહુ તાવણી અને સતામણી કરવી સારી નહીં. પછી તે ભારતમાં ભલે ગમે ત્યાં રહેતો હોય...

*– નિવેદક : મુનિ મિત્રાનંદસાગર*

## *નાગરિકોનો પુણ્યપ્રકોપ જાગશે, સત્તાની ભસ્મકણી ન લાધશે...*



# ભગવાન મહાવીરની શાતાદાયક અમૃતવાણી

■ **સંકલન** : તીર્થેશ્વર વિદ્યાલંકાર

**આ**શ્રવ સંસારનું કારણ છે, સંવર મુક્તિનું કારણ છે. આ વીતરાગનું ચિંતન છે, બાકીનાં બધાં શાસ્ત્રો એ આ ચિંતનનો જ વિસ્તાર છે.

●

**બો**ધિ ત્રણ પ્રકારે હોય છે : જ્ઞાનબોધિ, દર્શનબોધિ અને ચારિત્રબોધિ. જ્ઞાનબોધિ એટલે જ્ઞાનની વિશુદ્ધતા, દર્શનબોધિ એટલે વિચારની વિશુદ્ધતા અને ચારિત્રબોધિ એટલે આચરણની વિશુદ્ધતા.

●

**અ**હિંસા એ મુક્તિનો રાજમાર્ગ છે. આ માર્ગને જેઓ સમર્પિત છે તેમની મુક્તિ નિશ્ચિત છે.

●

**દ**રેક જીવ દરેક દિશામાંથી ભયનો અનુભવ કરે છે. એવી કઈ દિશા કે વિદિશા છે, જ્યાંથી પ્રાણીને ભયની સંભાવના જ ન હોય? જિનેશ્વરો દ્વારા નિર્દિષ્ટ અહિંસાનો માર્ગ એ જ માત્ર અભયને પ્રાપ્ત કરાવનાર મહામંત્ર છે.

●

**સ્વ**ચ્છંદ આચારવાળો અને ભોગોમાં આસક્ત સાધુ પોતે તો આચારનું પાલન કરતો નથી અને બીજાને આચારપાલન કરવાનો ઉપદેશ આપે છે!

●

જે વિષય છે તે જ સંસાર છે.
જે સંસાર છે તે જ વિષય છે.

●

**ત**મારાં સ્વજનો તમારૂં રક્ષણ કરવા સમર્થ નથી અને તમે તમારાં સ્વજનોનું રક્ષણ કરવા સમર્થ નથી.

●

**જ્યાં** સુધી આંખ, કાન, નાક, જીભ અને ત્વચાનાં સંવેદનતંત્રો પોતાનું કાર્ય બજાવવા સમર્થ અને સક્ષમ છે ત્યાં સુધીમાં સાધકે પોતાનું લક્ષ્ય સાધી લેવું જોઈએ. વૃદ્ધ થઈશું તે પછી આત્મકલ્યાણનો ઉપાય કરીશું એવા વિચારોમાં રહેનાર પોતાનું હિત સાધી શકતો નથી.

●

**આ**પણો જીવ અનેક વાર ઉચ્ચ અને નીચ ગોત્રમાં જઈ આવ્યો છે. આથી ઉચ્ચ ગોત્રનો અહંકાર ન કરવો અને નીચ ગોત્રનો તિરસ્કાર ન કરવો.

●

**પ**રિગ્રહી વ્યક્તિમાં તપ, સંયમ અને શાંતિ; એમાનું કશું હોતું નથી.

●

**મૃ**ત્યુ માટે કોઈ પણ ક્ષણ અનાગમ નથી. અર્થાત્ મૃત્યુ ગમે ત્યારે આવી શકે છે, માટે મેધાવાન વ્યક્તિ હંમેશાં સ્વમાં સાવધાન રહે.

●

**જી**વનને વધારી શકાતું નથી, આયુષ્યને સાંધી શકાતું નથી.

●

**એ** જ વીર છે અને એ જ પ્રશંસાને પાત્ર છે જે બંધનોમાંથી મુક્ત થઈ શકે છે. બંધનોમાં પ્રવૃત્ત રહેનારને દુઃખી જ થવું પડે છે.

●

**જે** એક અવ્રતનું આચરણ કરે છે તે બધાં અવ્રતનું આચરણ કરે છે. જે એક દોષનું સેવન કરે છે તે બધા દોષનું સેવન કરે છે.

●

**જિ**નેશ્વરની આજ્ઞાનું પાલન ન કરનાર મુનિ સંયમરૂપ ધનથી દરિદ્ર થાય છે અને જિનેશ્વરની આજ્ઞાનું પાલન કરનાર મુનિ પ્રશંસાપાત્ર બને છે.

●

**અ**જ્ઞાની સદા સૂતેલા હોય છે, જ્ઞાની સદા જાગ્રત હોય છે. અજ્ઞાન અહિત કરનારૂં થાય છે, જ્ઞાન હિતકારક બને છે. અજ્ઞાન દુઃખદાયક છે, જ્ઞાન શાતાદાયક છે.

●

**મા**યી અને પ્રમાદી વ્યક્તિને વારંવાર જન્મ-મરણ કરવાં પડે છે.

●

**જે** અનાસક્ત છે તે ધર્મને જાણે છે, જે ધર્મને જાણે છે તે સરળ હોય છે, જે સરળ હોય છે તે જ્ઞાની હોય છે, જે જ્ઞાની હોય છે તેની મુક્તિ થાય છે.

●

*–તમામ અવતરણો*
*આચારાંગસૂત્રમાંથી સંકલિત*

## જાણવા જેવું

### પદવીધર કોણ બની શકે?

- ☐ જે આચારકુશળ હોય
- ☐ સંયમકુશળ હોય
- ☐ પ્રવચનકુશળ હોય
- ☐ પ્રજ્ઞપ્તિકુશળ હોય
- ☐ સંગ્રહકુશળ હોય
- ☐ ઉપગ્રહકુશળ હોય
- ☐ અક્ષત આચારવાન હોય
- ☐ અશબલ આચારવાન હોય
- ☐ અભિન્ન આચારવાન હોય
- ☐ અસંક્લિષ્ટ આચારવાન હોય
- ☐ બહુશ્રુત હોય
- ☐ અનેક આગમોનો જ્ઞાતા હોય
- ☐ ઓછામાં ઓછું સ્થાનાંગ અને સમવાયાંગનું જ્ઞાન ધરાવતો હોય, તે પદવીધર બની શકે.

* * *

## ક્વિઝ ટાઇમ

### ગયા અંકનો જવાબ

**૧.** હરિભદ્રસૂરિ મહારાજ,
**૨.** પાર્શ્વનાથ ભગવાન,
**૩.** અચલભ્રાતા ગણધર.

અતિ અફસોસ કે આવા સરળ પ્રશ્નના સાચા ઉત્તરો કોઈ વાચક પાસેથી ન મળ્યા!

વિજેતા વાચકને સરપ્રાઈઝ ગિફટ આપવાની 'જય જિનેન્દ્ર'ની મહેચ્છા મનમાં ને મનમાં રહી ગઈ! નો પ્રોબ્લેમ, ટ્રાય એન્ડ ટ્રાય, અગેઈન ટ્રાય!

***

## ન્યૂ ક્વિઝ ટાઇમ

એક રૂમમાં એક માણસ એક દિવાલ પાસે ઊભો હતો. એ દિવાલ ઉપર લાઇટનો એક બલ્બ હતો. લાઇટના બલ્બની સામે માણસ ઊભો હોય તો તેનો પડછાયો બલ્બની વિરુદ્ધ દિશામાં પડવો જોઈએ, પણ આ બલ્બ સામે ઊભેલા માણસનો પડછાયો એ જ દિવાલ ઉપર પડતો હતો જે દિવાલ ઉપર બલ્બ હતો. આમ કેમ? (જે રૂમમાં માણસ ઊભો હતો તે રૂમમાં કુલ એક જ બલ્બ હતો અને તે ચાલુ પણ હતો).

આપનો ઉત્તર ૨૦ નવેમ્બર પહેલાં મોકલી આપો.

જય જિનેન્દ્ર
**વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ**

સમાધાનદાતા : પૂજ્ય મુનિરાજ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ

**૫. કુસ્વપ્ન અને દુ:સ્વપ્નના કાયોત્સર્ગની શાસ્ત્રોક્ત મર્યાદા કઈ રીતની છે?**

દુ:સ્વપ્ન આવે તો ચાર લોગસ્સનો કાયોત્સર્ગ 'ચંદેસુ નિમ્મલયરા' પર્યંતનો કરવાનો હોય છે અને કુસ્વપ્ન (વ્રતભંગ સંબંધી સ્વપ્ન) આવે તો ચાર લોગસ્સનો કાયોત્સર્ગ 'સાગરવરગંભીરા' પર્યંતનો કરવાનો હોય છે.

**૬. પહેલા ગુણસ્થાનકે કેટલી ગતિઓનાં આયુષ્ય બાંધી શકાય છે?**

પહેલા ગુણસ્થાનકે ચાર પૈકીની કોઈ પણ ગતિનું આયુષ્ય બાંધી શકાય છે.

**૭. વૈક્રિય શરીરની જેમ આહારક શરીર પણ ઈચ્છા થાય તેટલી વાર કરી શકાય છે?**

નથી કરી શકાતું.

એક ભવની અપેક્ષાએ આહારક શરીર વધુમાં વધુ બે વખત થઈ શકે છે. સમગ્ર ભવચક્રની અપેક્ષાએ વધુમાં વધુ ચાર વખત થઈ શકે છે.

નીચે દર્શાવેલો પાઠ ખ્યાલમાં લેશો -

चत्तारि वारा उ, चउद्दसपुव्वी करेइ आहारं।
संसारम्मि वसंतो, एगभवे दुन्नि वारा उ॥

**૮. વ્યંજનાવગ્રહનો કાળ કેટલો છે?**

વ્યંજનાવગ્રહનો કાળ અસંખ્યાત સમયનો છે.

**૯. કયા ગુણસ્થાનક વાળા જીવો સદાકાળ ઉપલબ્ધ હોય જ?**

પહેલા, ચોથા, પાંચમા, છઠ્ઠા, સાતમા અને તેરમા ગુણસ્થાનક વાળા જીવો ક્ષેત્રની તરતમતાએ ક્યાંક ને ક્યાંક તો ઉપલબ્ધ હોય જ.

અન્ય ગુણસ્થાનક વાળા જીવો કદાચિત્ હોય, કદાચિત્ ન હોય.

## સાહિત્ય

### આપનું પુસ્તક મળ્યું...

**● શ્રી મેરુ સચિત્ર દેવવંદનમાળા**

*સંપાદક : પૂજ્ય આચાર્ય શ્રી વિજય સિંહસેનસૂરીશ્વરજી મહારાજ*
*પ્રકાશક : આચાર્ય શ્રી વિજય મેરુપ્રભસૂરીશ્વરજી સ્મારક ટ્રસ્ટ, અમિયાપુર*
*મૂલ્ય : પઠન પાઠન*

અત્યાર સુધીમાં પ્રકાશિત થયેલાં દેવવંદનોનાં પુસ્તકોમાં તદ્દન નોખી ભાત પાડતું પુસ્તક. મૂલ્યવાન આર્ટપેપર ઉપર છપાયેલા અને સંપૂર્ણપણે મલ્ટીકલર એવા આ પુસ્તકની વિશેષતા એ છે કે તેમાં જે તે દેવવંદનના પ્રસંગને અનુરૂપ ફોટાઓ આપવામાં આવ્યા છે. ઉદાહરણ રૂપે ચોવીસ જિનનાં દેવવંદનમાં ચોવીસ જિનના ફોટાઓ આપવામાં આવ્યા છે. દરેક પૃષ્ઠ મોહક સુશોભનોથી યુક્ત હોવાથી શ્રીસંઘમાં આ પુસ્તક લોકપ્રિય થશે તેમાં શંકા નથી. આ પુસ્તકના સંપાદક પૂજનીય આચાર્યશ્રી તથા સંકલનકાર પૂજનીય ગણિવર્ય શ્રી સુવ્રતસેનવિજયજી મહારાજશ્રીનો પરિશ્રમ દરેક પૃષ્ઠ ઉપર દેખાઈ આવે છે.

**● જૈન દર્શનમાં નય**

*લેખક : ડૉ. જિતેન્દ્ર બી. શાહ*
*પ્રકાશક : શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન આશ્રમ રોડ, અમદાવાદ. ૩૮૦૦૦૯*
*મૂલ્ય : ૫૦ રૂપિયા*

બહુ જ નાની વયમાં પોતાના પરિપક્વ જ્ઞાન અને આચરણ દ્વારા એક અનોખી આભા ઊભી કરનારા જૈન સમાજના મૂર્ધન્ય વિદ્વાન ડૉ. જિતેન્દ્ર બી. શાહનાં ત્રણ વ્યાખ્યાનોનો સંગ્રહ એટલે જ આ પુસ્તક.

જૈન દર્શનની આખી ઈમારત અનેકાન્તવાદના પાયા ઉપર ઊભેલી છે. અને નયોને સમજ્યા વિના અનેકાન્તવાદને તેની અખિલાઈમાં સમજી શકાય નહીં. આ ગ્રંથમાં મુખ્યત્વે આચાર્ય દેવસેન અને ઉપા. યશોવિજયજીના પરિપ્રેક્ષ્યમાં નયોની ચર્ચા કરાઈ છે. નયોની સંખ્યા ખરેખર કેટલી, જૈન દર્શનમાં નયોનું શું સ્થાન અને કેવી ભૂમિકા છે, જૈન આગમોમાં નયોનું ખેડાણ કેવું છે વગેરે વિષયોને આવરી લઈને કરાયેલી ચર્ચામાં ઐતિહાસિક બાબતોને પણ સમાવી લેવાઈ છે. નયોની વિચારધારાનો ઉત્તરોત્તર વિકાસ કેવી રીતે થયો એ પ્રશ્નનો ઉત્તર આપણને શ્રી શાહના પુસ્તકમાં મળે છે.

નયવાદના મહાસાગરને આવી નાની ગાગરમાં સમાવી લેવાનો ડૉ. શાહનો પ્રયાસ તેમના આ વિષયના ઊંડા અભ્યાસ તરફ આપોઆપ ધ્યાન ખેંચે છે. આ પુસ્તક, આ વિષયમાં રસ ધરાવનારા વર્ગ માટે પાઠ્યપુસ્તક બની રહે તેમ છે.

**● માનતુંગાચાર્ય ઔર ઉનકે સ્તોત્ર**

*સંપાદકો : પ્રા. મધુસૂદન ઢાંકી અને ડૉ. જિતેન્દ્ર બી. શાહ*
*પ્રકાશક : શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર 'દર્શન', શાહીબાગ, અમદાવાદ ૩૮૦૦૦૪*
*મૂલ્ય : ૧૫૦ રૂપિયા*

ગ્રંથના નામથી જ તેનો વિષય સ્પષ્ટ થઈ જાય છે. જૈન સમાજના આદરણીય વિદ્વાનો પ્રા. મધુસૂદન ઢાંકી અને ડૉ. જિતેન્દ્ર બી. શાહના સંયુક્ત સંશોધનરૂપ આ ગ્રંથમાં ભક્તામર સ્તોત્ર અંગે વિશદ મીમાંસા કરવામાં આવી છે. કેટલીક ચર્ચા પરંપરાગત બાબતો પરત્વે છે, કેટલીક નવી દિશાઓ પણ વિચારાઈ છે. ભક્તામર સ્તોત્રની રચનાનો સાચો સમય અને સાચું કારણ કયું તે અંગે પ્રચલિત માન્યતાઓ, રૂઢિઓ અને વાસ્તવિકતાઓ અંગે સંપાદકોએ કરેલો પરિશ્રમ દરેક પ્રકરણમાં દેખાઈ આવે છે. મંત્રવાદ અને ભક્તામરમાંથી 'શોધી કઢાયેલા ગુપ્ત મંત્રો' વિષેનો સંપાદકોનો ઊહાપોહ સમયસરનો છે. પાઠાંતરો, સમસ્યાપૂર્તિરૂપ રચનાઓ વગેરે અનેક પાસાંઓને વિદ્વાનોએ પોતાના સંશોધનમાં સમાવી લીધાં છે. ભક્તામરની શ્લોકસંખ્યા કેટલી એ બાબતની ચર્ચા ગ્રંથમાં ઘણું સ્થાન રોકે છે અને આ ચર્ચા અનેકવિધ પાસાં ચકાસીને નિષ્પક્ષ રીતે કરવામાં આવી છે. ભયહર સ્તોત્ર અંગે પણ મનનીય ચિંતન રજૂ થયું છે. ભક્તામર સ્તોત્રને માત્ર ભક્તિ અને અહોભાવથી જોનારા ભાવિકો કરતાં નીર-ક્ષીર દૃષ્ટિથી જોનારા વિદ્વાનોને આ ગ્રંથ વધારે ગમશે.

*[હિંદી ભાષામાં તૈયાર કરાયેલા આ ગ્રંથમાં 'વિવર્તની', 'વિશ્વાસિકા', 'પશ્યતા' વગેરે શબ્દપ્રયોગો હિંદી ભાષાની દૃષ્ટિએ આત્યંતિક ગણાય. સંશોધન ગ્રંથ હોવા છતાં પ્રાસાદિક ભાષા ખુશીથી વાપરી શકાય છે. ભારતના બંધારણનો હવાલો ગ્રંથકારોએ એકથી વધુ વખત આપ્યો છે. ભારતનું બંધારણ ઘડનારા લોકો એ કોઈ સાહિત્યજગતના માણસો નહોતા પણ રીઢા રાજકારણીઓ હતા એ ભૂલવું ન જોઈએ અને તેમનો કહેલો શબ્દ આખરી ન હોઈ શકે. ઉપરાંત ઉચ્ચકક્ષાના સંશોધન ગ્રંથમાં 'શ્રૃંખલા' વગેરે શબ્દપ્રયોગો જોડણીની દૃષ્ટિએ ખામીભરેલા ગણાય. ક્યાંક 'પ્રુફ' અને ક્યાંક 'પ્રૂફ' જેવા પ્રયોગો 'પ્રૂફ'રિડિંગમાં ચીવટનો અભાવ સૂચવે છે. આ ગ્રંથ બીજી આવૃત્તિરૂપ છે તેથી અશુદ્ધિઓની ગંભીરતા થોડી વધી જાય છે.]*

બાળકો માટે
બાળકો દ્વારા સંચાલિત

# જય જિનેન્દ્રની પાઠશાળા

પ્રિય બાળદોસ્તો,

જય જિનેન્દ્ર તરફથી સાદર જય જિનેન્દ્ર.

દોસ્તો, આપણે લાંબા સમય પછી ફરી એકવાર મળી રહ્યા છીએ. અગાઉનો આપણો 'બબલુજી' નામનો વિભાગ હવેથી 'જય જિનેન્દ્રની પાઠશાળા'ના નામે ઓળખાશે. આશા છે કે આ ફેરફાર આપ સૌને જરૂર પસંદ પડશે. આ પાઠશાળામાં આપને મળશે જૈન ધર્મનું જ્ઞાન, બાળવાર્તાઓ, પ્રસંગો, રમૂજો અને બીજું પણ ઘણું બધું.

આપણે આ અંકથી જૈન ધર્મના પ્રાથમિક જ્ઞાન માટે હપ્તાવાર શિક્ષણનો કોર્સ ચાલુ કરી રહ્યા છીએ. જેનું નામ છે : *'ચાલો, આપણે આપણા ધર્મને ઓળખીએ.'* જેનો પહેલો પાઠ અહીં આપવામાં આવ્યો છે (જુઓ આ સાથેનું ચોખઠું). તેનો અભ્યાસ કરશો. સાથોસાથ પાઠના છેડે આપેલો સ્વાધ્યાય પણ તમે તૈયાર કરેલા પાઠને વધારે પાકો કરવાનું કામ કરશે.

તમને જૈન ધર્મ અંગે શું શું આવડે છે તે જય જિનેન્દ્રને જરૂર જણાવશો. તમે પણ 'જય જિનેન્દ્રની પાઠશાળા'માં સક્રિય રસ લઈ શકો છો.

## ચાલો, આપણે આપણા ધર્મને ઓળખીએ

### પાઠ પહેલો

આપણે કોણ છીએ?
*આપણે જૈન છીએ.*

જૈન કોને કહેવાય?
*જે જિનનો અનુયાયી હોય તે જૈન કહેવાય.*

જિન એટલે કોણ?
*જેમણે રાગ અને દ્વેષ ઉપર વિજય મેળવ્યો હોય તેને જિન કહે છે.*

રાગ અને દ્વેષ ઉપર વિજય મેળવવો એટલે શું?
*મનગમતી ચીજો મળે તો ખુશી ન થાય અને અણગમતી ચીજો મળે તો નાખુશી ન થાય એને રાગ-દ્વેષ ઉપર વિજય મેળવ્યો કહેવાય.*

જિન કેવા હોય?
*તેઓ શાંત હોય, તેમને ગુસ્સો ન આવે, તેમને રીસ ન ચડે, તેમની પાસે કોઈ વસ્તુનો સંગ્રહ ન હોય, તેઓનું દિલ કરુણાથી છલકાતું હોય. આવા હોય તેમને જિન કહેવાય.*

કરુણા એટલે શું?
*કોઈનું દુઃખ સહન ન થાય તે કરુણા, બધાંનું ભલું કરવાની ભાવના તે કરુણા, તમે એમના વખાણ કરો તો પણ એ તમારી ઉપર કરુણા કરે, તમે એમના વખાણ ન કરો તો પણ એ તમારી ઉપર કરુણા કરે, તમે એમની નિંદા કરો તો પણ એ તમારી ઉપર કરુણા કરે, તમે એમને હેરાન કરો તો પણ એ તમારી ઉપર કરુણા કરે, તમે એમને યાદ કરો તો પણ તેઓ તમારી ઉપર કરુણા કરે, તમે એમને યાદ ન કરો તો પણ તેઓ તમારી ઉપર કરુણા કરે.*

આવા થોડાક જિનનાં નામ આપશો?
*જરૂર. મહાવીરસ્વામી, પાર્શ્વનાથ, આદિનાથ, શાંતિનાથ. આ બધા જિન કહેવાય.*

પણ આ બધાં તો ભગવાનનાં નામો છે.
*હઁ, મારે તમને એ જ કહેવું હતું. એમને તમે ભગવાન પણ કહી શકો, જિન પણ કહી શકો. એ ઉપરાંત એમને વીતરાગ, તીર્થંકર અને અરિહંત પણ કહી શકાય.*

મને ચોવીસ તીર્થંકરનાં નામ આવડે છે. તો એ બધા પણ જિન કહેવાય?
*હા, બધા જ ચોવીસે તીર્થંકરોને જિન કહી શકાય.*

અચ્છા, તો હવે સમજાયું કે આપણે જેમની પૂજા કરીએ છીએ અને જેમને દેરાસરમાં બિરાજમાન કર્યા હોય છે તે બધા જિન હોય છે.
*બરોબર છે બાળદોસ્તો, તમારી સમજ એકદમ સાચી છે.*

### સ્વાધ્યાય

નીચે આપેલા સવાલોના જવાબો આપવાની કોશિશ કરો.

૧. આપણે કોના અનુયાયી છીએ?
૨. આપણે કોણ છીએ?
૩. આપણા ભગવાન કયા કયા નામે ઓળખાય છે?
૪. આપણા ભગવાન કેવા હોય છે?
૫. રાગ અને દ્વેષ એટલે શું?
૬. તમને કોઈ ગાળ આપે તો તમને શું થાય?
૭. ભગવાનને કોઈ ગાળ આપે તો ભગવાનને શું થાય?

● **પહેલા પાઠ સાથે તમારા જવાબો સરખાવો.**

આ
## સુવાક્યો
તમારી નોટમાં લખી લો
* * *

આપણા કલ્યાણની કામના કરે તે જ આપણો સાચો મિત્ર છે.

●

જે હંમેશાં પરોપકાર કરે છે તે શ્રેષ્ઠ છે.

●

જેનામાં માનવતા છે તેનામાં મહાનતા છે.

આજે જ જય જિનેન્દ્રના સભ્ય બનો.

### નાનકડા પિન્ટુએ કહેલી એક નાનકડી વાર્તા.

બે કીડીઓ રસ્તામાં જતી હતી.
સામેથી એક હાથી આવતો હતો.
હાથીને જોઈને એક કીડીએ બીજી કીડીને કહ્યું કે 'ચાલો, આપણે બન્ને ભેગાં થઈને હાથીને મારીએ.' એટલે બીજી દયાળુ કીડીએ જવાબ આપ્યો કે 'જવા દે ને યાર, હાથી બિચારો એકલો છે. એકલાને કોણ મારે!'

* * * * * * * * * *

*બાળદોસ્તો, તમને નાની નાની વાર્તા આવડતી હોય તો તમારા નામ સરનામા સાથે અમને લખી મોકલો. અને હા, તમે કયા ધોરણમાં ભણો છો તે લખી મોકલવાનું ભૂલતા નહીં.*

*આટલું નોંધી લો...*
સવાલ : એવો કયો દુર્ગુણ છે જેનાથી વિદ્યા નષ્ટ થાય છે?
જવાબઃ આળસ.
* * *
સદ્‌ગુણો વધારવા હોય તો શું કરવું જોઈએ?
વિનય ગુણમાં વધારો કરવો જોઈએ.

*સારી રીતે પાસ થવા માટે આટલું કરો...*
**'ॐ ह्रीं नमो नाणस्स'**
એ મંત્રની દરરોજ બહુમાન પૂર્વક એક માળા ગણો.

# એક વિશિષ્ટ સમ્મેલન

● **પરિકલ્પના અને લેખન :** શ્રી અશ્વિનભાઈ શાહ, અંધેરી ઇસ્ટ, મુંબઈ.

● **પૂરક વિગતો :** *જય જિનેન્દ્ર* કાર્યાલય, અમદાવાદ.

એપિસોડ : ૨

●●●

**સંચાલક શ્રી પ્રવચનકુમાર :** આપણે માનનીય શ્રી દેવદ્રવ્યની વાત અને વ્યથા સાંભળી. એમણે પોતાનો પરિચય પણ આપી દીધો અને પોતાની શી જવાબદારીઓ છે, કેવી ઉપયોગિતા છે એ અંગે પણ આપણને માર્ગદર્શન આપ્યું. એમની વાતો ઉપર લાગતા-વળગતાઓ વિચાર કરશે તો આપણા જૈનશાસન નગરની કાયાપલટ જરૂર થઈ શકશે.

હવે હું જ્ઞાનના ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવતા માનનીય વડીલ શ્રી જ્ઞાનદ્રવ્યને વિનંતી કરીશ કે તેઓશ્રી પ્રસંગને અનુરૂપ વક્તવ્ય આપશે. આપ સૌને એ જાણીને ઘણો આનંદ થશે કે આ વિશાળ દુનિયામાં આપણા મહાનગરની જે બોલબાલા છે એમાં આપણા આ પીઢ કાર્યકરનો ઘણો મોટો ફાળો છે. આપણને આવા સક્રિય અને ઘસાઈ છૂટનારા કાર્યકર ન મળ્યા હોત તો, મારે નિખાલસતાથી કહેવું જોઈએ કે આપણા મહાનગરની અત્યારે છે તેવી ઓળખ કદાચ હોત કે કેમ તે શંકાસ્પદ છે. આપણા મહાનગરની પ્રતિષ્ઠા દુનિયામાં ફેલાવી દેનાર આ સમર્પિત કાર્યકરશ્રી પોતાની અવસ્થા છતાં અહીં આપણને માર્ગદર્શન આપવા ઉપસ્થિત રહ્યા છે એ આપણા સૌ માટે ગૌરવની બાબત છે.

માનનીય શ્રી જ્ઞાનદ્રવ્ય...

**જ્ઞાનદ્રવ્ય :** અહીં ઉપસ્થિત રહેલા આપણા મહાનગરના સર્વ કોઈ પુણ્યવાનો, જૈનશાસન નગરના પદાધિકારીઓ અને આમંત્રિતો ઉપરાંત સર્વ કોઈ મહાનુભાવો, આપ સૌની આટલી વિશાળ હાજરી જોઈને મારી આંખો ઠરે છે. આપણા સૌના લાડીલા અને જેમના વગર આપણી ધર્મસભાઓમાં કદી જમાવટ ન આવે એવા સંચાલક શ્રી પ્રવચનકુમાર જે રીતે સભાનું સંચાલન કરી રહ્યા છે તે ધન્યવાદને પાત્ર છે. મેં જોયું છે કે તેઓ જ્યાં જ્યાં સભાના સંચાલક તરીકે જાય છે ત્યાં ત્યાં તેમના નામમાત્રથી જ ભીડ થઈ જતી હોય છે. એમણે મારા વિષે જે કંઈ કહ્યું તે એમની મારા પ્રત્યેની એક વિશિષ્ટ ભાવના અને એમના વિશિષ્ટ વિનયનો પડઘો પાડે છે. બાકી સાચી હકીકત એ છે જૈનશાસન નગરના વિકાસમાં, એની ઉન્નતિમાં, એની પ્રતિષ્ઠા દુનિયામાં ફેલાવવામાં અહીં મંચ ઉપર બેઠેલા એકએક કાર્યકરનો અણમોલ ફાળો છે. જ્યાં જ્યાં ગામ કે નગર હોય ત્યાં ત્યાં તેને સ્વચ્છ રાખનારા કામદારો અને વહીવટ કરનારા પદાધિકારીઓ; સૌ કોઈનો અમૂલ્ય ફાળો હોય છે. હું એકલો તો ખરેખર કંઈ જ ન કરી શક્યો હોત. તમે સૌ વિચાર કરો કે હમણા જ જેમણે પોતાના વિચારો દર્શાવ્યા તે શ્રી દેવદ્રવ્ય મહાશયે જો આપણા મહાનગરને પોતાની સેવા અને શક્તિઓનો લાભ ન આપ્યો હોત તો આજે દુનિયામાં જૈનશાસન નગરનો આટલો ડંકો ન જ વાગી શકત. અત્યારે આપણા દેશમાં કે વિદેશમાં દેરાસરોની સંખ્યા કેટલી છે તે આપણે ખુદ જાણતા નથી. પણ આપણે એટલું તો જાણીએ જ છીએ કે જેટલાં દેરાસરો છે એમાંનાં ઘણાખરાં દેરાસરો એમને આભારી છે. એમની કાર્ય કરવાની ચીવટ આપણાં દેરાસરોને ટકાવી રાખે છે.

પહેલાં વ્યક્તિપ્રેરિત દેરાસરો બનતાં હતાં. હવેના યુગમાં મોંઘવારી એટલી બધી વધી છે કે કોઈ એક વ્યક્તિ જિનમંદિરનું નિર્માણ કરવાની હિંમત ભાગ્યે જ કરી શકે. જો કે કેટલાક પુણ્યવાનો આજે પણ છે જ કે જેઓ વ્યક્તિગત રીતે દેરાસરો બનાવવાની હિંમત કરી શકે, પરંતુ એ તો અપવાદો થયા. બાકી નવાં જૂનાં જે હજારો જિનમંદિરો છે એ બધાં આપણા આ સમર્થ કાર્યકરને જ આભારી છે. એ ઉપરાંત અહીં હાજર રહેલા અને કોઈ કારણસર હાજર ન રહી શકેલા સર્વ કાર્યકરોનો ફાળો આપણા આ મહાનગરના વિકાસમાં છે જ એ મારે આપ સૌને કહેવું જોઈએ.

**દેવદ્રવ્ય** વચ્ચે હસ્તક્ષેપ કરતાં...

કોઈ પણ કાર્યકરના વક્તવ્યમાં વચ્ચે બોલવું એ વ્યાજબી ન ગણાય પરંતુ આપ અમને એ કહો કે આપણા નગરના સર્વ કોઈ કાર્યકરોને આપણા મહાનગરની સેવા કરવાની જે ભાવના છે તે કોને આભારી છે? મને ખબર છે કે આ પ્રશ્નનો જવાબ આપ નથી જ આપવાના, એનો જવાબ પણ હું જ આપીશ. મને કહેવા દો કે આપણા ભાવિકોના મનમાં આવી ભાવનાનું બીજારોપણ તો આપને જ આભારી છે અને આપે જે દેરાસરોની વાત કરી તે ઠીક છે, મેં મારી ફરજ બજાવી અને ભવિષ્યમાં બજાવતો રહીશ પણ મને બરોબર યાદ છે કે હું એકવાર આપણા મહાનગરની ઈંટ નાખનારા શ્રીજિનેશ્વર પ્રભુની દેશનામાં હાજર હતો ત્યારે એમના શ્રીમુખે મેં મારા સગા કાને આપની ભારોભાર પ્રશંસા સાંભળી હતી. એમણે શબ્દો ચોર્યા વગર કહ્યું હતું કે પઢમં નાણં તઓ દયા... તેથી આ મહાનગરના વિકાસમાં સૌથી વધુ ફાળો આપનો જ છે.

**જ્ઞાનદ્રવ્ય :** આ આપનો મારા પ્રત્યેનો ગુણાનુરાગ સૂચવે છે. આપણા સૌના મહાન ઉપકારી એવા શ્રી જિનેશ્વર પ્રભુએ આપણા દરેક કાર્યકરની મુક્ત મને પ્રશંસા કરી છે. દરેકને મહત્ત્વ આપ્યું છે. હવે આપણે આ સંમેલનના મૂળ હેતુ તરફ ધ્યાન આપીએ.

મારી સેવા કયા ક્ષેત્રમાં કામ લાગે છે તે તો આપ સૌ જાણો છો.

**સંચાલકશ્રી :** આપને એક વિનંતી કરૂં?

**જ્ઞાનદ્રવ્ય :** જરૂર...

**સંચાલકશ્રી :** આપની સેવા કયા ક્ષેત્રમાં સૌથી વધુ ઉપયોગી છે તે અમે બધાં તો જાણીએ જ છીએ. પરંતુ આ વખતના આપણા સમ્મેલનમાં આજની નવી પેઢીનાં બાળકો પણ ભાગ લેતાં દેખાઈ રહ્યાં છે. તો આપશ્રીની સેવા કયા ક્ષેત્રમાં કામ લાગે છે તે આપના મુખે જણાવશો તો વધુ સારૂં રહેશે.

**જ્ઞાનદ્રવ્ય :** તમારી આ જ ખૂબી છે. ક્યારે કોના મોઢામાંથી કઈ વાત કઢાવવી તેમાં તમે ખરેખર ખૂબ કુશળ છો.

માનનીય સંચાલકશ્રીએ કહ્યું તેમ આજની નવી પેઢીને મારા કાર્યક્ષેત્રનો પરિચય આપું...

*(આગળની કાર્યવાહી માટે 'જય જિનેન્દ્ર'ના આગામી અંકો જોતા રહો.)*

**પૂજ્ય ગુરુ ભગવંતોને નમ્ર વિનંતી...**

*જય જિનેન્દ્ર*નો આરંભ કર્યો ત્યારે અમે વાયદો કર્યો હતો કે આ વરસમાં અમે પૂજ્ય ગુરુદેવોને *જય જિનેન્દ્ર*ના અંકો વિના લવાજમે મોકલીશું. આ ડિસેમ્બરમાં સન ૨૦૦૨નો અંત આવી રહ્યો છે ત્યાં સુધી અમે અમારો વાયદો નભાવ્યો છે. અમારી પાસે જેટલા ગુરુભગવંતોનાં સરનામાં હતાં તે તે ગુરુ ભગવંતો ઉપરાંત અમને પોતાનાં કાયમી સંપર્કસૂત્રો મોકલી આપનાર સર્વ ગુરુ ભગવંતોને અમે આટલા સમય સુધી વિના લવાજમે અંકો મોકલ્યા છે.

સર્વ પૂજ્યોને વિનંતી કે આગામી જાન્યુઆરીથી આપને અંકો નિયમિત મળતા રહે તે માટે આપશ્રી ગોઠવણ કરશો. લવાજમ *જય જિનેન્દ્ર*ના કાર્યાલયે પહોંચતું કરી શકાય છે. પાંચસો રૂપિયા લવાજમ ભરીને આગામી પાંચ વરસ માટે આપના અંકો સિક્યોર કરી લેવા વિનંતી.

# આપનો ડિસેમ્બર મહિનો કેવો જશે?

**તીર્થેશ્વર વિદ્યાલંકાર**

**મેષ** આવનારી કસોટીઓ માટે સજ્જ રહેશો. તમે મંગળના આધિપત્ય નીચે આવો છો તેથી કસોટીઓમાંથી પાર ઊતરવાનું બળ સ્વાભાવિક રીતે જ તમને મળી રહેશે. કસોટીઓનો સામનો કરવા માટે ધીરજથી કામ લેજો. મંગળવાળા લોકો ઘણીવાર ન કરવાનું સાહસ કરી બેસે છે. તમે એવું ન કરશો. જો તમે વાસુપૂજ્યસ્વામીની ઉપાસનામાં થોડું ધ્યાન કેન્દ્રિત કરો તો તમારો કસોટીકાળ હળવાશથી પસાર થઈ શકે ખરો. જો તમે કોઈ મોટો પ્રોજેક્ટ હાથ ઉપર લીધો હોય તો આ મહિનામાં ઠંડકથી કામ લેજો. પ્રોજેક્ટ હાથમાંથી સરકી જાય તે કરતાં એ વધુ ફાયદાકારક ગણાય.

**વૃષભ** આ ડિસેમ્બર એટલે તમારી માટે વધામણીનો સમય. નવાં આયોજનોમાં સફળતા, જૂનાં કામોની કોઈ રુકાવટો હોય તો તેનો અંત અને યાદગાર પ્રસંગોનો માસ એટલે આ માસ. પરિવારમાં વૃદ્ધિ પણ થઈ શકે અને યશસ્વી કાર્યો પણ થઈ શકે. તારીખ પાંચ પછી તમને ચડતીનો અહેસાસ થશે. જો તમે પરફેક્ટ આયોજન કરીને આગળ વધશો તો સફળતા તમારાં ચરણ ચૂમશે. ભગવતી પદ્માવતીની ઉપાસના કરીને જો આગળ વધો તો સફળતામાં ગુણાકાર થવાની સંભાવના ઓર વધી જાય છે. સ્વાસ્થ્યની બાબતમાં થોડી સાવધાનીનું સૂચન કરવાની લાલચ રોકી શકાતી નથી.

**મિથુન** કહે છે કે ગ્રહયોગોએ સમ્રાટ સિકંદરને પણ હંફાવી દીધો હતો. આ માસમાં હાંફી જવું પડે તેવા પ્રસંગો બનશે. જ્યારે કમાવાનો વખત હતો ત્યારે સીટીઓ મારવામાં સમય ગુમાવ્યો અને હવે દોડો છો તો કમાતા નથી એવા વિચારો મનમાં આવી જશે. ગ્રહો સાથ ન આપતા હોય ત્યારે તો ભગવાનનું શરણ લેવું જ જોઈએ. ભલે આપણને કોઈ મેણું મારે. આ માસમાં આટલું કરો : 'ॐ ह्रीँ श्रीँ अर्हं नमिऊण पास पउमावई पसीयउ स्वाहा।' એ મંત્રના સાડા બાર હજાર જાપ કરી લો. સંખ્યા વાંચીને ડરશો નહીં. માત્ર ૧૨૫ માળાનો જ મામલો છે.

**કર્ક** આ મહિનો નથી ખરાબ નથી સારો. બધું માપસરનું ગણાય. સો કમાયા હો તો એ લેવા માટે દૂધવાળો હાજર જ હોય! હા, એને તમારે નવો વાયદો ન કરવો પડે. કમાઓ અને વાપરો. તબિયતની દૃષ્ટિએ તમારે સાવધાન રહેવું જોઈએ. આજકાલ ડૉક્ટરો તમને હાથ લગાડવાનો પણ સો રૂપિયા ચાર્જ કરે છે. એ કરતાં નિયમિત આહાર-વિહાર વધારે સસ્તા પડે. પહેલાં હોટલમાં પૈસા બગાડવાના પછી ડૉક્ટર પાછળ ખરચવાના. એ કરતાં તમારૂં ઘર શું ખોટું? હા, 'નમો સિદ્ધાણં'ના જાપ તમારા આરોગ્યને બગડતું રોકવામાં મદદગાર જરૂર થઈ શકે.

**સિંહ** ગુજરાતના ઇલેક્શનમાં સૌથી વધારે લોકો તમારી રાશિવાળા ઊભા છે. જોવું હોય તો લિસ્ટ જોઈ લેજો! લાગે છે કે ગ્રહો તમારી રાશિ ઉપર મહેરબાન છે. બાકી હાઈકમાન્ડને રાજી કરવા માટે સાષ્ટાંગ દંડવત કરવા ઉપરાંત સૂટકેસનું બળ પણ જોઈતું હોય છે. આ મહિનો છે તમારી માટે સફળતા, યશ, માન અને પ્રતિષ્ઠા અપાવનારો. ડિસેમ્બરની અધવચ્ચેથી તમારી રાશિનો સ્વામી સૂર્ય ધન રાશિમાં જશે. તમારી રાશિથી એ પાંચમે થશે. આ ગાળો તમારા જીવનનો યાદગાર ગાળો બની રહેશે. વાહન વ્યવહારમાં સાચવજો. એમાં ગડબડ થાય તો ગ્રહો શરમ ન ભરે!

**કન્યા** શું તમે બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા છો? સરસ. તમને શુભ સમાચારો આપવા ગ્રહો તલસી રહ્યા છે. જો તમે પડકારો ઝીલી લેવાનો સ્વભાવ ધરાવતા હો તો તમારા ગળામાં હાર પહેરાવવા મહાલક્ષ્મીજી તૈયાર જ છે. હા, પડકારો ઝીલી લેવા એટલે વિવેક વાપરીને સારા-નરસાનું ગણિત માંડ્યા પછી જ. સાહસ અને દુઃસાસહના અર્થો તો તમને ખબર હશે જ. શેરબજારના રવાડે ચડવાની ભૂલ કરતા નહીં. હર્ષદભાઈની ગેરહાજરીથી તો માહિતગાર હશો જ! તમારી કુંડલીમાં પંચમેશ કોણ બને છે? તેને મજબૂત કરો અને પછી ફત્તેહ કરો.

**તુલા** મનની મૂંઝવણો ઊકેલવાનો સમય એટલે ડિસેમ્બરનો સમય. જીવનના પ્રવાહોને તેમાં તણાઈ ગયા વગર દૂર ઊભા રહીને જોવાની દૃષ્ટિ કેળવશો એટલે માનસિક મૂંઝવણો તમારો પીછો છોડી દેશે. તમારી રાશિ તુલા એ સારા-નરસાને તોલીને જોવાની રાશિ છે. આ મહિનામાં તમને તમારી રાશિના સાચા અર્થનો અનુભવ થશે. તમારી રાશિના અધિપતિ શુક્રનો ચમકારો અને તમારી રાશિમાં ઉચ્ચનો બનતા શનિનું ફિલોસોફિકલ ચિંતન તમને માર્ગ બતાવવાનું કામ કરશે. મનની મૂંઝવણો દૂર થતાં આ માસમાં તમે અદ્‌ભુત શાંતિનો અનુભવ કરશો.

**વૃશ્ચિક** મહિનાની શરૂઆતના દિવસો જરા અઘરા લાગશે પરંતુ તા. ૧૦ પછીનો સમય તમારી માટે સુધારાના સંદેશા લઈને આવશે અને વાવાઝોડામાં અટવાયેલાં વહાણોને તમે સલામત રીતે કિનારે લાવી શકશો. તમારી રાશિ મંગળના આધિપત્ય નીચે આવે છે. મંગળ તમારી કુંડલીમાં કેવી સ્થિતિ ધરાવે છે એ જોવું જોઈએ. એ જો બળવાન હોય તો સાહસ કરવામાં વાંધો નહીં, અન્યથા તમારે હળવે હલેસે કામ લેવું જોઈએ. વાસુપૂજ્યસ્વામીની ઉપાસનામાં જો ધ્યાન પરોવી શકો તો તમને બીજા પણ ઘણા લાભો થાય તેમ છે. મહિનાની શરૂઆતને બાદ કરતાં એકંદરે અનુકૂળ સમય.

**ધનુ** આ માસમાં સુધરતી તબિયતની મજા માણશો. આર્થિક અને શારીરિક, બન્ને રીતે રીતે સારી તબિયતમાં સુધારો જોવાશે. આ માસના મધ્યમાં સૂર્ય તમારી રાશિમાં પ્રવેશી રહ્યો છે. તમારા મૂળ જન્માક્ષરમાં જો સૂર્ય ધન રાશિમાં હશે તો આ સમય તમારી માટે વધારે લાભદાયક પૂરવાર થશે. જો કે કુંડલીમાં સ્થાન પરત્વે સૂર્ય ક્યાં છે તે તો ચકાસવું જ પડે, પરંતુ એકંદરે એ તમારી માટે લાભદાયક છે. સંતાનની પ્રતીક્ષા કરનારા લોકો શુભ સમાચાર માટે તૈયાર રહે અને એમના મિત્રો પેંડા ખાવા માટે તૈયાર રહે! તમારી માટે મીઠી યાદો મૂકી જનારો માસ એટલે આ માસ.

**મકર** ધીમે ધીમે બધું થાળે પડી રહ્યું હોય તેમ અનુભવશો. ખીસામાં ભાર વધતો જણાશે. તા. ૧૦ પછી ખરેખરા લાભો તમે મેળવશો. સ્વાસ્થ્ય માટે તમારે થોડું ધ્યાન રાખી લેવું જોઈએ. જો તમે તમારૂં પોતાનું વાહન ધરાવતા હો તો જરા સંભાળીને ચલાવવાનું રાખજો. બીજાના વાહનમાં બેસવાનું આવે તો તે કેવી રીતે ચલાવે છે તે ખ્યાલમાં રાખીને તેનો ઉપયોગ કરજો. જાન બચી તો લાખો પાયે એ સૂત્ર યાદ રાખવું સારૂં. તમારો શનિ કેવો છે તે મહત્ત્વનું છે. તે જો બળવાન હોય તો તમારા લાભમાં થશે. તે જો નિર્બળ હોય તો તેને બળવાન કરવો જોઈએ.

**કુંભ** તમારી કુંડલીમાં અગિયારમા સ્થાનનો માલિક કોણ બને છે તે જુઓ. જો તે શુભ ગ્રહ હોય તો તેના ફાયદા ઉઠાવશો અને જો તે અશુભ ગ્રહ હોય તો થોડી મુશ્કેલી સર્જી શકે. તમારી રાશિ શનિના આધિપત્ય નીચે આવે છે. આ માસમાં થોડી આગેકૂચ અને થોડી પીછેહઠ, એમ બન્ને જાતના અનુભવો થશે. એકંદરે બધું બેલેન્સ્ડ થઈ જશે. મનની મૂંઝવણો ક્યારેક વધતી લાગશે તો ક્યારેક વળી તેમાંથી માર્ગ નીકળતો પણ દેખાશે. સહજતાથી વર્તશો તો લાભો મેળવશો પરંતુ ઊતાવળ કરવા જશો તો બાજી બગડશે. નવકારના પાંચમા પદના જાપ કરો તો લાભ રહે.

**મીન** ગુરુની રાશિવાળા તમે છો. આ સમયગાળો તમારા લાભમાં વધારો કરનાર છે. એક મુશ્કેલી ખરી : અંગત ગણેલા લોકો અણીના સમયે તમારૂં કામ ન કરી શકે એમ બને. પણ તેમાં તેમની કોઈ મજબૂરી હશે એમ કરીને મન મનાવી લેશો તો તમારા સંબંધોને આંચ નહીં આવે. ૧૫મી તારીખ પછીનો ગાળો તમારી માટે યાદગાર બની રહેશે. તમે પોતાનું વાહન ખરીદવાની ઝંખના કરતા હો તો તમારી ઇચ્છા જરૂર પૂરી કરો. કાળા રંગનું વાહન પસંદ ન કરો તો સારૂં એવી ભલામણ કરવાનું ખાસ મન થાય છે. શક્ય બને તો 'નમો આયરિયાણં'ના જાપ કરવાનું રાખો.

# ગ્રહદશા અને તેનું ફળ

પૂજ્ય સાધ્વી શ્રી જિતપૂર્ણાજી મહાસતીજી

*જ્યોતિષ વિદ્યામાં વિંશોત્તરી મહાદશાનું એક વિશિષ્ટ મહત્ત્વ છે. જીવનના દરેક તબક્કે કોઈને કોઈ ગ્રહ જાતકના જીવનમાં વિવિધ પ્રકારનાં સારાં નરસાં ફળ આપે છે. માનવનું ઉત્સુક મન પોતાના જીવનમાં બનનારા બનાવો માટે હંમેશાં જિજ્ઞાસાથી દોરવાતું હોય છે. 'જય જિનેન્દ્ર' પ્રત્યે મમતાભરી અમીદૃષ્ટિ દાખવનારાં પૂજ્ય સાધ્વી શ્રી જિતપૂર્ણાજી મહાસતીજી પોતાની વિવિધ વ્યસ્તતાઓ વચ્ચેથી સમય ફાળવીને અમારા વાચકો માટે કઈ મહાદશાનો અધિપતિ પોતાની દશાના કાળમાં કઈ રાશિમાં કેવો ભાગ ભજવશે તે અંગે દર અંકે માર્ગદર્શન આપશે. આ અંકમાં અમે સૂર્યની મહાદશાનો પ્રથમ હપ્તો રજૂ કરી રહ્યા છીએ. સૂર્યની મહાદશા છ વર્ષની હોય છે.*

## દશાધિપતિ સૂર્ય કઈ રાશિમાં હોય તો કેવું ફળ આપે?

ભારતીય પ્રાચીન જ્યોતિષ વિદ્યા એ આપણો અમૂલ્ય સાંસ્કૃતિક વારસો છે. આ વિદ્યાનું વિશદતાથી વિવેચન કરતા અનેક પ્રાચીન ગ્રંથો વિશ્વનાં પુસ્તકાલયોમાં સચવાયેલા પડ્યા છે. જીવનમાં કયા તબક્કે શું બનશે એ જાણવાની ઇચ્છા આબાલવૃદ્ધ સૌને એક સરખી જ હોય છે. જીવનમાં બનતા બનાવોને સમજવા માટે જાતકની જન્મકુંડલી ઉપરાંત જે તે સમયની દશા અને મહાદશાનું અવલોકન કરવું જરૂરી થઈ પડે છે. દશા અને મહાદશાના અવલોકન વિનાનું ભવિષ્યકથન અપૂર્ણ ગણાય છે.



વિંશોત્તરી ગણિત અનુસાર સૂર્યની મહાદશા ચાલતી હોય ત્યારે તે જાતકની કુંડલીમાં કઈ રાશિમાં છે અને કેવું ફળ આપશે તે જ્યોતિષ વિદ્યાના એક પ્રાચીન ગ્રંથના આધારે અહીં આપવામાં આવે છે. આજના વિદ્વાન જ્યોતિષીઓ અને જ્યોતિષના અભ્યાસીઓને માર્ગદર્શનરૂપ બને એ માટે મૂળ સંસ્કૃત શ્લોકોનો ભાવાનુવાદ અહીં આપેલ છે.

જે જાતકનો દશાનાથ સૂર્ય મેષરાશિમાં હોય તેને ઉત્તમ પશુધનની પ્રાપ્તિ, સુવર્ણનો લાભ, નગરનું આધિપત્ય (મેયર, નગરપતિ જેવાં પદોની પ્રાપ્તિ), આભૂષણોનો લાભ થાય છે. ઉપરાંત તેને જીવનસાથી, સંતાન અને મિત્રો તરફથી વિશેષ સુખ મળે છે.

જે જાતકનો દશાનાથ સૂર્ય વૃષભ રાશિમાં હોય તેને ભૂમિલાભ, બંધુજનોમાં આદર, વિદ્વાનો અને સજ્જનો તરફ ભક્તિભાવ અને જમીન સાથે સંકળાયેલા વિશેષ લાભો થાય છે.

જે જાતકનો દશાનાથ સૂર્ય મિથુન રાશિમાં હોય તેને ધન અને વિદ્યાનો લાભ, વાચાળતા, રાજાની મિત્રતા (ઉચ્ચ પદાધિકારીઓ સાથે દોસ્તી), વિદ્વાનોનો સંપર્ક અને સંગીતશ્રવણ જેવા લાભો થાય છે.

જે જાતકનો દશાનાથ સૂર્ય કર્ક રાશિમાં હોય તેને રાજાની પ્રીતિ (સરકારી અધિકારીઓની મહેરબાની), મનની પ્રસન્નતા અને પ્રવાસના લાભો ઉપરાંત જમીન, ધાન્ય અને સંપત્તિના ફાયદા થાય છે.

જે જાતકનો દશાનાથ સૂર્ય સિંહ રાશિમાં હોય તેને સરકાર તરફથી સન્માન, મકાન, બગીચા આદિના લાભો, સંતાન પ્રાપ્તિ અને કુટુંબીજનોનો આદર, સ્નેહ વગેરે પ્રાપ્ત થાય છે.

જે જાતકનો દશાનાથ સૂર્ય કન્યા રાશિમાં હોય તે અશુભ ફળ આપનાર બને છે. આ સમયગાળામાં નાના મોટા રોગો, જમીનના કામકાજમાં નુકસાન, પશુધનનો નાશ અને મિત્રો સાથે મનદુઃખ થાય છે. જો સમયગાળો વધુ આકરો પૂરવાર થાય તો તે જાતકના મૃત્યુનું કારણ પણ બની શકે છે.

જે જાતકનો દશાનાથ સૂર્ય તુલા રાશિમાં હોય તેને પણ અનિષ્ટ બાબતોનો સામનો કરવો પડે છે. વિરોધીઓ તરફથી કાવતરાં થાય, કુટુંબીજનોની હાનિ થાય, મિત્રો તેમજ સ્નેહીઓની વિદાય થાય અને હાથ ઉપર લીધેલાં કે લેવા ધારેલાં કાર્યો નિષ્ફળ થાય.

જે જાતકનો દશાનાથ સૂર્ય વૃશ્ચિક રાશિમાં હોય તેને જમીન, મકાન, સંપત્તિની પ્રાપ્તિ, ઇચ્છિત કાર્યોની સિદ્ધિ, વન અને ઉદ્યાનોનો પ્રવાસ, પર્વતીય પ્રદેશોનો પ્રવાસ વગેરે લાભો થાય છે.

જે જાતકનો દશાનાથ સૂર્ય ધન રાશિમાં હોય તેને મહત્તા, સુખ અને શુભ કાર્યોના અવસર મળે છે. આરોગ્યની સુખાકારી, વિરોધીઓની પીછેહઠ, ઉચ્ચ અધિકારીઓ સાથે મધુર સંબંધ અને ધનલાભ જેવા સારા યોગો બને છે.

જે જાતકનો દશાનાથ સૂર્ય મકર રાશિમાં હોય તેને પોલીસને લગતી બાબતોનો સામનો કરવો પડે છે. જમીન, મકાન, પશુધન વગેરેની હાનિ થાય છે. મિત્રજનોમાં વિરોધ થાય છે, માનહાનિના પ્રસંગો ઊભા થાય છે અને ધારેલાં કાર્યોમાં નિષ્ફળતા મળે છે.

જે જાતકનો દશાનાથ સૂર્ય કુંભ રાશિમાં હોય તેને વિવાદો, મનદુઃખના પ્રસંગો, જીવનસાથીનો વિયોગ અથવા તેનું મૃત્યુ, ધનહાનિ, પશુધનની હાનિ, જમીનમાં નુકસાન, સત્તા ગુમાવવી વગેરે ગેરલાભો થાય છે.

જે જાતકનો દશાનાથ સૂર્ય મીન રાશિમાં હોય તેને ધનલાભ, ઘરમાં શુભ પ્રસંગોનું આગમન, કુટુંબીજનોનો સ્નેહ અને જીવનસાથી, સંતાનો અને મિત્રો તરફથી ફાયદા થાય છે.

## આપનો પત્ર મળ્યો



તિથિચર્ચા અંગેનું આપનું મંતવ્ય (ઑક્ટોબર, ૨૦૦૨) જરૂર વિચારપાત્ર છે. આ અંગેના ક્લેશમાં આપણા સંઘના લાખો રૂપિયા વેડફાઈ ગયા પછી પણ કંઈ સાર નીકળ્યો નથી. સાચો રસ્તો તો એ છે કે સૌ પોતપોતાની માન્યતા પ્રમાણે જ ભલે આરાધના કરે, પરંતુ પોતે શાંતિથી કરે અને બીજાને શાંતિથી કરવા દે.

**મહેશ વાડીલાલ** (સરસપુર, અમદાવાદ)

'જય જિનેન્દ્ર'માં *'કહેવાતું મુનિસમ્મેલન મળ્યું તેમાં તિથિવિવાદનો મૂળ વાંધો જેમની સાથે હતો તેમને તો રીતસર બાકાત જ રાખવામાં આવ્યા હતા. ઉપરથી એમના પરિવારના મોભી જેવા કેટલાક આચાર્યાદિ મુનિવરોને અહીં લખવા નહીં ધારેલાં કારણોસર સાથે લેવામાં આવ્યા!'* આ રીતે આપે લખ્યું છે. ખરેખર તો એ 'ન લખવા ધારેલાં કારણો' લખવાની ખાસ જરૂર હતી જેથી પડદા પાછળ શું રંધાયું તેની જાણકારી સમાજને મળે.

**પોતાનું નામ જાહેર કરવા ન ઇચ્છતા**
**એક પૂજનીય મુનિવર** (મુંબઈ)

ઑક્ટોબર મહિનાના અંકનું કાર્ટૂન દિલને બહેલાવી ગયું. મજા આવી ગઈ!

**બીનાબેન પી. મહેતા** (દાદર, મુંબઈ)

'जेण अत्ता विसुज्झेज्ज, तं नाणं जिणसासणे..' એ શીર્ષક નીચેનાં આગમવાક્યો અમને બહુ જ ગમી ગયાં છે આવાં વાક્યો દર અંકમાં આપશો જેથી અમને આગમસ્વાધ્યાયની તક મળે.

**અરવિંદભાઈ ગોસળિયા** (બોરીવલી, મુંબઈ)

વિવિધ આગમોમાંથી સંકલિત કરેલાં વાક્યો બહુ જ સુંદર હતાં. હું તો આગમોના વિષયોની રજૂઆત 'બહુ અઘરી અને ન સમજાય તેવી જ હોય' એમ અત્યાર સુધી માનતો હતો. આ વાક્યો વાંચ્યા પછી જ એની સરળતાનો ખ્યાલ આવ્યો. આવી સામગ્રી ખાસ આપવા વિનંતી છે.

**ગૌરવભાઈ મહેતા** (પાર્લા, મુંબઈ)

આગમવચનોના લખાણને બિરદાવનારા અન્ય વાચકો :

***ભરત શાહ** (મણિનગર, અમદાવાદ), **અરવિંદભાઈ માણેકલાલ** (નવસારી), **અંબાલાલ ખેમચંદ શાહ** (નિકોલ, અમદાવાદ), **અમીત શાહ** (વાસણા, અમદાવાદ), **નિરંજનાબેન વસા** (ઘાટકોપર, મુંબઈ), જવાહર ગડા વડાલા, મુંબઈ)*

## ઘટમાળ

★ **પૂજ્ય** ગુરુદેવ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજની શુભ નિશ્રામાં તા. ૩૧.૧૦.૨૦૦૨ના ગુરુવારે પરમ ભક્ત શ્રી ઓમપ્રકાશ ગુપ્તાના નિવાસસ્થાન શ્યામ એપાર્ટમેન્ટ, વાસણા, અમદાવાદ ખાતે વાસ્તુવિધાન પૂજન ભક્તિરસના માહોલમાં સંપન્ન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પરિવારજનો, મિત્રજનો અને ભક્તજનોએ ઉપસ્થિત રહીને પ્રસંગને શોભાવ્યો હતો. શ્રી ગુપ્તાજીના પરિવારજનોએ આમંત્રિતોની સબહુમાન સરભરા કરી હતી.

## કૉકટેલ

**बोधपाठ**

પોતાની ખૂબ કપરી આર્થિક સ્થિતિમાં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની માતાએ પોતાનાં ઘરેણાં વેચીને પણ તેમને ભણાવ્યા. અભ્યાસ પૂરો કર્યા પછી ઈશ્વરચંદ્ર પોતાના જીવનમાં ઘણા આગળ વધ્યા. ઘરેણાં વિનાનું પોતાની માતાનું જીવન તેમની જાણ બહાર નહોતું. એમણે એકવાર પોતાની માતાને કહ્યું :

'મા, મારે તારી માટે ઘરેણાં બનાવવાં છે.'

'હું કહું એવાં ઘરેણાં બનાવી આપીશ?'

'ચોક્કસ બનાવી દઈશ, મા'

'પણ મને ગમે છે તે ઘરેણાં તો બહુ જ મોંઘાં છે.'

'તારી પસંદગીનાં ઘરેણાં ગમે એટલાં મોંઘાં હશે તો પણ હું જરૂર બનાવીશ.'

'તો સાંભળ, મારી પસંદગીનાં ઘરેણાં આ છે' :

૧. ગામમાં નિશાળ બનાવવી,

૨. ગરીબો માટે દવાખાનું બનાવવું,

૩. અનાથ બાળકો માટે આશ્રમ બનાવવો.

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે પોતાની માતાની તમામ ઇચ્છાઓ પૂરી કરી. તેમનાં બનાવેલાં ભગવતી વિદ્યાલય, દવાખાનું અને અનાથાશ્રમ આજે પણ માતા પ્રત્યેના પુત્રના ઋણની અમર ગાથા ગાઈ રહ્યાં છે. આ એવાં ઘરેણાં છે, જેને કોઈ કદી ચોરી શકે નહીં અને કોઈ કદી લૂંટી શકે નહીં.

**વીરબાળાબેન શાહ** (ભારતી સોસાયટી, અમદાવાદ)

### अहो कार्टूनम् !



*આ આત્મારામભાઈએ આ વખતે ચૂંટણીમાં 'થપ્પડ'નું નિશાન કેમ પસંદ કર્યું હશે?*

*ચૂંટાયા પછી તેઓ પ્રજાને શું આપશે તે સૂચવવા માટે!*



●

**સ્પંદન**

શીખી જા હે મરણ આવીને મારા મિત્ર પાસેથી, પ્રહારો થાય છે કેવી અદાથી જિંદગાની પર... *(શાયર અમૃત ઘાયલ)*

●

**ના હોય!**

'ગઈ ચૂંટણીમાં તમે લોકોને વચન આપ્યું હતું કે લોકો મને વોટ આપશે તો હું ઘેર ઘેર પાણીના નળ નખાવી આપીશ. આ વખતે તમે કયું વચન આપવાના છો?'

'એ નળમાંથી હવે તો પાણી પણ આવતું થાય એવો આ વખતે મારો વાયદો રહેશે.'


સંપાદક નિર્વેદ આચાર્ય, ૬૮ નિહારિકા બંગલોઝ, આંબાવાડી, અમદાવાદ દ્વારા પ્રકાશિત અને દીપશિખા પ્રિન્ટર્સ, અમદાવાદ દ્વારા મુદ્રિત
પત્રવ્યવહાર : જય જિનેન્દ્ર પોસ્ટ બોક્સ નં. ૧૫૦૦૮, આંબાવાડી વિસ્તાર પોસ્ટ ઓફિસ, અમદાવાદ ૩૮૦ ૦૧૫
E-Mail : jayjinendra@jainshasan.com